પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૩૪૩ | ૨૪ ફેબ્રુઆરી, ૨૦૧૭, શુક્રવાર ; મહા વદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# મહારાષ્ટ્રમાં ભાજપનો ભવ્ય વિજય

## મુંબઈમાં ૮૪ બેઠકો સાથે શિવસેના સૌથી મોટો પક્ષ : ભાજપને ૮૨ બેઠકો : પુણે, અમરાવતી, નાગપુર, નાસિકમાં પણ ભાજપનો ડંકો

મુંબઈ,તા. ૨૩

મહારાષ્ટ્રમાં સ્થાનિક ચૂંટણીમાં ભાજપે જોરદાર ડંકો વગાડી દીધો છે. નોટબંધીની અસર હેઠળ યોજાયેલી આ ચૂંટણીમાં ભાજપે જોરદાર સપાટો બોલાવ્યો છે. એકબાજુ મુંબઈમાં પણ ભાજપે મોટો લાભ લઈ લીધો છે. બીજી બાજુ પૂણે, અમરાવતી, નાગપુર અને નાસિકમાં ભાજપે જોરદાર સપાટો બોલાવ્યો છે. બીએમસીની ચૂંટણીમાં કોંગ્રેસનો દેખાવ ખૂબ જ કંગાળ રહ્યો છે. દેશની સૌથી અમલી ગણાતી બીએમસીની ચૂંટણીના પરિણામ ઉપર તમામનું ધ્યાન કેન્દ્રિત થયું હતું. આખરે આજે પરિણામ જાહેર કરવામાં આવ્યા બાદ ભાજપે જોરદાર સપાટો બોલાવ્યો હતો અને ઐતિહાસિક જીત મેળવી લીધી હતી. ભાજપ મુંબઈ પ્રમુખ આશિષ સેલારે માહિતી આપતા કહ્યું હતું કે ભાજપ માટે આ જીત ઐતિહાસિક રહી છે. અમારી શિવસેના કરતા માત્ર બે સીટો ઓછી રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસના વિકાસના એજન્ડા ઉપર આ શાનદાર જીત હાથ લાગી છે. બીએમસી ચૂંટણીના પરિણામ જાહેર કરવામાં આવી ચુકયા છે. બીએમસીની ચૂંટણીમાં કુલ ૨૨૭ વોર્ડ પૈકી ભાજપે જોરદાર સપાટો બોલાવ્યો છે. શિવસેના સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી આવી છે. શિવસેનાના ૮૪, ભાજપને ૮૨, કોંગ્રેસને ૩૧, એનસીપીને ૧૦ અને એમએનએસને ૭માં જીત મળી છે. શિવસેના ટોપ ઉપર રહી છે પરંતુ ભાજપે અપક્ષોના ટેકાથી સૌથી અમીર બીએમસી ઉપર શાસન કરવાની સ્થિતિ મેળવી લીધી છે. એક વખતે શિવસેના બીએમસી ઉપર કબજો જમાવી લેશે તેમ સ્પષ્ટ દેખાઈ રહ્યું હતું પરંતુ ૨૨૭ સીટ પૈકી તેને

● અનુસંધાન પાના ૭ પર

## યુ.પી.માં ૬૧ થી ૬૩ ટકા મતદાન

લખનૌ,તા. ૨૩

ઉત્તરપ્રદેશમાં ચોથા તબક્કામાં આજે શાંતિપૂર્ણ માહોલમાં અને સઘન સુરક્ષા વ્યવસ્થા વચ્ચે ૬૧થી ૬૩ ટકા જેટલું ઉંચુ મતદાન થયું હતું. સાંજે પાંચ વાગે મતદાનની પ્રક્રિયા પૂર્ણ કરી લેવામાં આવી હતી. શાંતિપૂર્ણ રીતે મતદા થતા તંત્રને રાહત થઈ હતી. આની સાથે જ તમામ ૬૮૦ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયા હતા. અનેક મોટા માથાઓના ભાવિ પણ ઈવીએમમાં સીલ થઈ ગયા છે. તમામ જગ્યાઓ પર સવારથી જ લાંબી લાઈનો જોવા મળી હતી. મતદારો મતદાન કરવા માટે ભારે ઉત્સુક દેખાઈ રહ્યા હતા. ઉત્સાહના માહોલમાં મતદાનની શરૂઆત થઈ હતી. શરૂઆતમાં જ કેટલીક જગ્યાએ ઉંચુ મતદાન થયુ હતુ. તમામ મતદાન મથકો પર મતદારોની લાંબી લાઇન સવારથી જ જોવા મળી હતી. કેટલીક જગ્યાએ ધીમી ગતિથી મતદાનની શરૂઆત થઈ હતી. અગાઉના ત્રણેય તબક્કામાં મતદાન સારુ થયા બાદ ચોથા તબક્કામાં પણ શાંતિપૂર્ણ રીતે મતદાન થયું હતું. ચોથા તબક્કામાં મતદાન શરૂ થતાની સાથે જ ૬૮૦ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયા હતા. તમામ ઉમેદવારોના ભાવિનો ફેસલો કરવા ૧.૮૪ કરોડ મતદારો પૈકીના ૬૧થી ૬૩ ટકા મતદારોએ તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. કોઈ પણ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ચૂંટણી પંચ દ્વારા તમામ પગલા લેવામાં આવ્યા હતા.

## ન્યુઝ ટ્રેક

### કાશ્મીર સરહદે વધુ ત્રણ જવાન શહીદ

કાશ્મીરના શોપીયામાં




ગુરૂવારે સૈનિકો પર આતંકવાદી હૂમલો થતાં ત્રણ જવાન શહીદ થયા હતા અને ચાર ઘાયલ થયા હતા. આંતકીઓ સાથેના ક્રોસ ફાયરીંગમાં એક મહિલાનું પણ મોત નીપજ્યુ હતુ.

### લગ્નમાં કેટલાં મહેમાનો આવશે તે નક્કી કરતી કાશ્મીર સરકાર

કાશ્મીર સરકારે રાજ્યમાં લગ્ન પ્રસંગે કેટલા મહેમાનો



બોલાવવા તેવો કાયદો કરાયો છે. છોકરીના લગ્નમાં પાંચસો, છોકરાના લગ્નમાં ચારસો અને સગાઈમાં સો મહેમાનોને બોલાવવાનો નિર્ણય કર્યો છે. આ કાયદો પહેલી એપ્રિલથી લાગુ કરાશે.

### આ વર્ષે ગરમીનો પારો ૫૦ ડિગ્રીએ પહોંચશે

આંતરરાષ્ટ્રીય હવામાન વેબસાઈટ સ્કાયમેટના વરિષ્ટ વૈજ્ઞાનિક મહેશ પલાવતે જણાવ્યુ છે કે આ વર્ષે ગરમીનો પારો ૪૯ થી ૫૦ ડિગ્રી પહોંચશે.







